SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-3, April-May-June : 2025
Published by Rangmati Publication https://www.rangmatipublication.com/

# રા. વિ. પાઠકનું જીવન અને કવન

ડૉ. પંકજકુમાર આર.પટેલ

રામનારાયણ વિશ્વનાથ પાઠક 'દ્વિરેફ', 'શેષ', 'સ્વૈરવિહારી' (8-4-1887, 21-8-1955) રા. વિ. પાઠક વિવેચક, વાર્તાકાર, કવિ, નિબંધકાર અને પિંગળશાસ્ત્રી હતા. તેમનો જન્મ ગાણોલ (તા.ધોળકા)માં થયો હતો. શિક્ષકની નોકરી કરતા પિતાની બદલીઓને કારણે પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ વિવિધ ગામોમાં ઉચ્ચ શિક્ષણ ભાવનગર તેમજ મુંબઈમાં થયું હતું. તર્કશાસ્ત્ર અને દર્શનશાસ્ત્ર વિષયો સાથે 1908માં બી.એ. થયા હતા. વિદ્યાકીય ક્ષેત્રમાં કામ કરવાની ભાવના છતાં સરકારી નોકરી ન કરવાના સંકલ્પને કારણે મુંબઈમાં 1911માં એલ.એલ.બી.ના અભ્યાસ માટે ગયા પછી અમદાવાદ આવી વકિલાત શરૂ કરી. પણ ક્ષયરોગનું નિદાન થતાં 1912માં સાદરામાં સ્થિર થયા હતા. પર્યાપ્ત આર્થિક જોગવાઈ થયેથી વકીલાત છોડી શેષ જીવન શિક્ષણ અને સાહિત્યની સેવામાં ગાળવાનો નિર્ણય કરેલો, પણ 1919ના અંતમાં તેમણે માંદગી નિમિત્તે વકીલાત આટોપી લીધી હતી. 1920માં ઈન્દુલાલ યાજ્ઞિકના નિમંત્રણથી ગુજરાત કેળવણી મંડળમાં જોડાઈ જે.એલ. ન્યુ ઈંગ્લીશ સ્કુલનું આચાર્યપદ સંભાળ્યું. પરંતુ ગાંધીજીના અસહકાર આંદોલનમાં મંડાણ થતાં, શાળા છોડી 1921માં ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા. 1928 સુધી વિવિધ વિદ્યાશાખાઓના તેજસ્વી વિદ્વાનોના સંપર્કમાં પ્રમાણશાસ્ત્ર અને ભાષા-સાહિત્યના અધ્યાપક તરીકે કામ કર્યું. ગૂજરાત વિદ્યાપીઠના અધ્યાપક તરીકે તેમજ 'પ્રસ્થાન' માસિકના તંત્રી (1925-1937) તરીકે તેઓ ગુજરાતની નવી સાહિત્યકાર પેઢીના એવા માર્ગદર્શક બન્યા કે 'ગાંધી યુગના સાહિત્યગુરુ' તરીકે ઓળખાયા. વિદ્યાપીઠ છોડ્યા પછી 'પ્રસ્થાન'ની નિ:શુલ્ક સેવા કરતાં એમણે ખાનગી ટ્યૂશનોથી આજીવિકા ચલાવી હતી. એ દરમિયાન ગાંધીજીના વિવિધ સત્યાગ્રહોમાં ભાગ લઈ, એક વખત જેલ પણ વેઠી. એલ.ડી. આર્ટ્સ કૉલેજ, ગુજરાત વિદ્યાસભા, મુંબઈની ભવન્સ કૉલેજ તથા ભારતીય વિદ્યાભવનમાં જુદા જુદા સમયે અધ્યાપક રહ્યા. 1953માં આકાશવાણી મુંબઈના સલાહકાર બન્યા હતા. 1946માં રાજકોટ ખાતે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ બન્યા. 1956નું સાહિત્ય અકાદમીનું પારિતોષિક મેળવ્યું. નર્મદ સુવર્ણચંદ્રક વિજેતા પણ બન્યા. મુંબઈમાં તેમનું અવસાન થયું હતું.

વિદ્યાભ્યાસે તત્વવિદ તેઓ કલા તેમજ શાસ્ત્ર ઉભય ક્ષેત્રની પ્રતિભા ધરાવતા હતા. પરંતુ ગુજરાતી સાહિત્યમાં તેઓ વિવેચક તરીકે વધુ પ્રતિષ્ઠિત છે. 'અર્વાચીન ગુજરાતી કાવ્યસાહિત્ય' (1933), 'અર્વાચીન કાવ્યસાહિત્યનાં વહેણો' (1938), 'કાવ્યની શક્તિ' (1939), 'સાહિત્ય વિમર્શ' (1939), 'આલોચના' (1944), 'નર્મદાશંકર કવિ' (1936) ને સમાવતો નર્મદ : અર્વાચીન ગદ્યપદ્યનો આદ્ય પ્રણેતા' (1945), 'સાહિત્યલોક' (1954), 'નભો વિહાર' (1961) અને 'આકલન' (1964) એ ગ્રંથોમાં સંઘરાયેલા લેખો દર્શાવે છે કે એમનું ઘણું ગ્રંથાવલોકન કાર્ય જેમ 'યુગધર્મ'ને 'પ્રસ્થાન'ને નિમિત્તે થયું છે.

એમણે ઘણાં સંપાદનોમાં પણ ઉપોદ્દઘાત કે ટિપ્પણરૂપે પ્રત્યક્ષ વિવેચન કર્યું છે. 'પૂર્વાલાપ'ની સટિપ્પણી આવૃત્તિ, ઉમાશંકર જોષી સાથે સંપાદિત કરેલ આનંદશંકર ધ્રુવના 'કાવ્યતત્વવિચાર' (1939), 'સાહિત્યવિચાર' (1942), 'દિગ્દર્શન' (1942) અને 'વિચારમાધુરી' : 1 (1946) એ ગ્રંથો, પોતે સંપાદિત કરેલ આનંદશંકર ધ્રુવના 'આપણો ધર્મ'ની ત્રીજી આવૃત્તિ (1942) તથા ગોવર્ધન પંચાલ સાથે સંપાદિત કરેલ 'રાસ અને ગરબા' (1954)માં એમના નાના યા મોટા ઉપોદ્દઘાતો છે. નરસિંહ મહેતાને નામે ચડેલા 'ગોવિંદગમન'નું નરહરિ પરીખ સાથે કરેલું સટીક સંપાદન (1923) પાઠ્યક્રમની જરૂરિયાતને વશ વર્તીને થયેલું, પરંતુ એવા જ હેતુથી થયેલાં 'કાવ્યસમુચ્ચય' ભાગ-1-2 (સટીક, 1924) તથા 'કાવ્ય પરિચય' ભાગ-1-2 (નગીનદાસ પારેખ સાથે, 1928)નાં સંપાદનો ગુજરાતી કવિતાના ચોક્કસ દૃષ્ટિપૂર્વકના સંચય લેખે લાંબો સમય ઉપયોગી નીવડેલાં. આ સિવાય પણ અન્યોની સાથે કેટલાંક શાલેય વગેરે સંકલનો એમણે કર્યાં છે.

એમણે સર્જક તરીકે કવિતા, નાટક, વાર્તા, નિબંધ એમ વિવિધ ક્ષેત્રે કામ કર્યું છે. તેઓ નાટકના ક્ષેત્રમાં વિદ્યાલયોની, તો વાર્તા-નિબંધનાં ક્ષેત્રોમાં 'યુગધર્મ', 'પ્રસ્થાન' ની જરૂરિયાતને લઈને ખેંચાયા હતા. કવિતા એમનો સ્વતઃ સંભવી વ્યાપાર કહેવાય. 1921માં 'જાત્રાળુ' ઉપનામથી

લખેલા 'રાણકદેવી'થી એમની કાવ્યયાત્રાનો થયેલો આરંભ છેક 1955માં લખાયેલા 'સાલમુબારક' સુધી ચાલુ રહ્યો. પહેલા કાવ્યના 'જાત્રાળુ' અને પછીથી એક વખત પ્રયોજાયેલા 'ભૂલારામ' સિવાય એમણે કાવ્યો પરત્વે 'શેષ' ઉપનામ રાખ્યું અને પહેલા કાવ્યના સંગ્રહને 'શેષનાં કાવ્યો' (1938) નામ આપ્યું. પહેલી આવૃત્તિમાં માત્ર સડસઠ અને બીજી આવૃત્તિ (1951)માં તોતેર જેટલાં કાવ્યો તથા થોડાંક પ્રકીર્ણ મુક્તકો આદિને સમાવતો. આ સંગ્રહ વિષયના વૈવિધ્યથી ધ્યાન ખેંચે છે. 'શેષનાં કાવ્યો'ની સત્તર રચનાઓ અને અન્ય ચાલીસ કાવ્યોને સમાવતો મરણોત્તર સંગ્રહ 'વિશેષ કાવ્યો' (1959) 'શેષ'ની સર્વ લાક્ષણિકતાઓની જાળવણી અને 'તુકારામનું સ્વર્ગારોહણ' જેવા ખંડકાવ્યના નૂતન પ્રયોગને કારણે ધ્યાનાર્હ બને છે.

કવિતાની જેમ વાર્તામાં પણ પ્રયોગશીલતા દાખવનાર આ સર્જકનું વાર્તાક્ષેત્રે ઐતિહાસિક પ્રદાન છે. 1923 થી 'દ્વિરેફ'ના ઉપનામે લખાયેલી અને ત્રણ સંગ્રહોની કુલ ચાલીસ વાર્તાઓ આપનાર આ લેખકનો પ્રથમ વાર્તાસંગ્રહ 'દ્વિરેફની વાતો' ભાગ-1 (1928) ધૂમકેતુના 'તણખા' મંડળ 1 (1926)ની સાથે ગુજરાતી ટૂંકીવાર્તાના સ્વરૂપની દૃઢ ભૂમિકા  રચી આપી. એક મહત્વનું સીમાચિહ્ન બને છે. બહુધા 1941 સુધી લખાયેલી વાર્તાઓના પછીના સંગ્રહો છે 'દ્વિરેફની વાતો' ભાગ-2 (1935) અને 'દ્વિરેફની વાતો' ભાગ-3 (1942, સંવ. ત્રી.આ. 1961), પોતાની રચાનાઓને 'વાતો' તરીકે ઓળખાવી આ વાર્તાકારે કોયડાઓ, કિસ્સાઓ, દૃષ્ટાંતો, પરિસ્થિતિચિત્રણો આદિને સમાવી લેવાની અને ગદ્યકાવ્યની શૈલીથી માંડીને દૃશ્યશૈલી (નાટ્યાત્મક રચના) સુધીની જાતભાતની કથનરીતિને પ્રયોજવાની મોકળાશ મેળવી લીધી છે તે નોંધપાત્ર છે. 'મુકુંદરાય', 'ખેમી' જેવી એમની ઘણી વાર્તાઓ પ્રભાવક બનેલી છે.

એમનું નાટ્યસર્જન વિદ્યાર્થીઓને ભજવવા માટેની કૃતિઓ પૂરી પાડવા માટે થયેલું હોઈ કેવળ પ્રાસંગિક છે. અનૂદિત નાટ્યરચનાઓ અને નાટ્યાંશોને પણ સમાવતા મરણોત્તર સંગ્રહ 'કુલાંગાર અને બીજી કૃતિઓ' (1959)માં અનુક્રમે સામાજિક અ મનોવૈજ્ઞાનિક સમસ્યા લઈને આવતી 'કુલાંગર' અને 'દેવી કે રાક્ષસી ?' એ બે નોંધપાત્ર મૌલિક રચનાઓ છે, જે અગાઉ 'દ્વિરેફની વાતો' ભાગ-3 માં ગ્રંથસ્થ થઈ હતી.

'પ્રસ્થાન'ના પ્રકાશન અંગે હળવી શૈલીએ થયેલાં ખુલાસારૂપ લખાણો વાચકોને ગમી જવાથી આવા લખાણને સામયિકનું એક નિયમિત અંગ બનાવીને એમણે 'સ્વૈરવિહારી'ના ઉપનામથી લખાવા માંડેલું, તેના બે સંગ્રહો 'સ્વૈરવિહાર' ભાગ-1 (1931) અને 'સ્વૈરવિહાર' ભાહ-2 (1937) થયા છે. 'સ્વૈરવિહાર' નામને અનુરૂપ આ લખાણોમાં વિષયવસ્તુ તેમજ નિરૂપણશૈલી બંને પરત્વે લેખકે કોઈપણ બંધનો સ્વીકાર્યા નથી અને સાહિત્ય, સમાજ, ધર્મ, રાજકારણ, કેળવણી, મનુષ્યસ્વભાવ વગેરે વિષયો અંગેની ટૂચકાથી માંડીને નિબંધ પ્રકાર સુધીની રચનાઓ આપી છે.

આ સર્જકમાત્ર સાહિત્યના નહીં, પણ વિશાળ જીવનના ઉપાસક છે. એમના વિવેચન સંગ્રહોમાંયે કલા અને સંસ્કારની વિવિધ પ્રવૃત્તિઓ વિશેનાં એમનાં વિચારસંક્રમણો થયેલાં છે, પરંતુ 'મનોવિહાર' (1956) એમની તેજસ્વી વિચારકતાનો ગાઢ પરિચય કરાવે છે. 'મનોવિહાર'માં અનેક વિષયો પરત્વેનો એમનો ગંભીર વિચારવિમર્શ રજૂ થયો છે. તે ઉપરાંત એમાં વ્યક્તિચિત્ર, સ્થળવર્ણન વગેરે પ્રકારની રચનાઓ પણ મળે છે.

પ્રમાણશાસ્ત્રના અધ્યાપક તરીકે તૈયાર કરેલી 'પ્રમાણશાસ્ત્રપ્રવેશિકા' (1922), આચારધર્મનું નિરૂપણ કરતી 'નિત્યનો આચાર' (1945) અને યુરોપીય વાર્તાઓનો અનુવાદ 'ચુંબન અને બીજી વાતો' (નવીનદાસ પારેખ સાથે, 1924, બી.આ. 'વામા' નામે) એ એમના અન્ય ઉલ્લેખનીય ગ્રંથો છે. આ સિવાય 'કાવ્યશાસ્ત્ર' અને 'આનંદમીમાંસા' પરની લેખમાળા જેવી એમણે આપેલી કેટલીક ઉપયોગી સામગ્રી ગ્રંથસ્થ થવી બાકી છે.

***********

**સંદર્ભસૂચિ**


- ☐ "સવિશેષ પરિચય: રામનારાયણ વિ. પાઠક," ગુજરાતી સાહિત્ય પરિષદ
- ☐ "પાઠક રામનારાયણ વિશ્વનાથ," ગુજરાતી વિશ્વકોષ
- ☐ "રા. વિ. પાઠક : ગુજરાતી ગ્રંથકાર શ્રેણી / વિવેચક રા. વિ. પાઠક," ઇકત્રા ફાઉન્ડેશન વેબસાઈટ

- ☐ "રામનારાયણ વિ. પાઠક," History & Literature (WordPress માં લેખ)
- ☐ "રા. વિ. પાઠક (ઉપનામ: દ્વિરેફ, શેષ, સ્વૈરવિહાર)," બીજી વેબ સામગ્રી (Layastaro)
- ☐ "સંભારણાં (૮): રા. વિ. પાઠક 'શેષ'," GSP આર્કાઈવ્ઝ લેખ
- ☐ "આજના બર્થડે સર્જક | રામનારાયણ વિ. પાઠક," Shopizen લેખ
- ☐ "આકલન, વાષિકાઓ" — સામાન્ય ગુજરાતી સાહિત્ય વિવેચન પ્રકાશનો